LANXESS
Energizing Chemistry

# NEWS CLIPPING

| | | | |
|---|---|---|---|
| **Headline:** | **World Environment Day celebrated by various Organization** | **Date:** | **11.06.2012** |
| **Publication:** | **Satya ne Panthe** | **Circulation:** | **250** |
| **Web link:** | | **Section/ Page:** | **05** |
| **Journalist:** | | **City:** | **Dahej** |

**SUMMARY / TRANSLATION**

## World Environment Day celebrated by various Organization

LANXESS, a global specialty chemicals company that practices sustainable development, is furthering its efforts towards protecting the environment on World Environment Day. The company will plant around 1900 saplings over the next one month, as a part of its ambitious target of 7000 trees in and around its site. In addition, it planted 100 saplings in the compound of Jhagadia GIDC police station on this day. To mark the occasion, a tree plantation ceremony was held at the site in the presence of local media, government and police officials and LANXESS employees from the site. Speaking on the occasion, Dr. Dattaprasad Talekar, Site head – Jhagadia and Executive Director, LANXESS India said, “LANXESS is committed to sustainable development and protection of environment as a good corporate citizen and a responsible company. We hope that our plantation efforts will help create a green cover at the site, which will be in the interest of the neighboring communities as well.” LANXESS has planted 1500 trees at the site till date. LANXESS, in the past, has supported Sewa Rural, a voluntary development organization, for their projects to equip and strengthen amenities in the campus and support services for students of Vivekananda Gramin Tekniki Kendra. Through this contribution, the proposed water harvesting and drainage systems have been built, the water lagoon facility has been made more effective and accessories for overhead tank and pipelines have been constructed. The cogeneration plant at the site, which is fuelled by environment friendly natural gas and the solo-NoX model that curbs nitrogenous gas emissions are a few examples of LANXESS’ commitment towards minimizing risks for the environment. Globally, LANXESS firmly believes that the secret to our future is closely linked to the future of our customers, our communities and our environment. LANXESS’ inclusion in the Dow Jones Sustainability World Index (DJSI World) and FTSE4Good reflects our deep commitment to sustainability.

# NEWS CLIPPING

**CLIPPING**

# વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે વિવિધ સંસ્થાઓ દ્વારા પર્યાવરણ લક્ષી કાર્યક્રમો યોજાયા

વિશ્વ પર્યાવરણદિન વિકાસના નામે પ્રકૃતિના નિકંદનની ભૂલ કરનારે તો ભૂલ નહીં પણ 'મહાપાપ' કર્યુ છે.

પર્યાવરણ દિનની ઉજવણી નિમિત્તે પર્યાવરણનું મહત્ત્વ સમજાવવા અને જાગૃતિ લાવવાના હેતુસર વિવિધ સંસ્થાઓ દ્વારા પર્યાવરણલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ઝઘડીયા ઔદ્યોગિક વસાહતમાં આવેલ લેન્કેસેસે પર્યાવરણની સુરક્ષામાં યોગદાન આપવાનું નક્કી કરી આગામી એક મહિનામાં ૭૦૦૦ રોપા વાવવાના મહત્વકાંક્ષી લક્ષ્યના ભાગરૂપે સાઈટ ખાતે અને આસપાસ લગભગ ૧૯૦૦ રોપ વાવવા માટે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં સરકારી અને પોલીસ અધિકારીઓ તેમજ મીડીયા કર્મીઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતુ.

આ પ્રસંગે લેન્કેસેસ ઈન્ડીયાના એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર અને ઝઘડીયાના સાઈટ હેડ ડો. દત્તપ્રસાદ તળકરે જણાવ્યુ હતુ કે ઉત્તમ કોર્પોરેટ નાગરિક અને જવાબદાર કંપની તરીકે લેન્કસેસ સક્ષમ વિકાસ અને પર્યાવરણની સુરક્ષા પ્રત્યે કટિબદ્ધ છે. સાઈટ ખાતે કોજનરેશન પ્લાન્ટ પર્યાવરણ મૈત્રીપૂર્ણ નૈસર્ગિક વાયુ પર ચાલે છે અને એકમાત્ર એનઓએક્સ નમુનો નાઈટ્રોજીનસ એમિશનને નાથે છે જે પર્યાવરણ પ્રત્યે જોખમો લઘુત્તમ બનાવવા પ્રતિ લેન્કેસેસની કટિબદ્ધતાના જૂજ દાખલાઓમાંનાં એક છે. આ પ્રસંગે ઉપસ્થિત જી.પી. સી.બી.ના નનરીજીયોનલ ઓફીસર કલ્યાણીએ અંકલેશ્વર, પાનોલી તેમજ ઝઘડીયાના ઉદ્યોગીક વસાહત દ્વારા પર્યાવરણ જાળવવા કટીબદ્ધતા વ્યક્ત કરી નવા એક્શન પ્લાનને અમલ થઈ રહ્યો છે. જેને સીપીસીબી દ્વારા પણ મંજુરી મળી છે.

લેન્કેસેસ કંપની સાઈટ ઉપરાંત ઝઘડીયા જી.આઈ.ડી.સી. પોલીસ ચોકી ખાતે પણ સો વૃક્ષો વાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે ઝઘડીયાના પી.આઈ.ઓઝા, પોલીસ કર્મીઓ સહિત કંપનીનાં કર્મચારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. દહેજ ખાતે પણ વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી અંતર્ગત જી.પી.સી.બી. દ્વારા મીની મેરેથોન દોડનું આયોજન કરવામાં આવ્યુ હતુ જેને પર્યાવરણ પ્રેમી યોગેશ પંડ્યાએ પ્રસ્થાન કરાવ્યુ હતુ. રેલી રીલાયન્સ ગેટથી પી.ડી. વિદ્યાલય સુધી હતી જેમાં દહેજની વિવિધ કંપનીઓના કર્મચારીઓના કર્મચારીઓએ ભાગ લીધો હતો.






